# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-09-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## વકફ કાયદા પર સ્ટેનો ઈન્કાર:

સર્વોચ્ચ અદાલતે વકફ કાયદા પર સ્ટે આપવાનો ઇનકાર કર્યો છે પરંતુ વકફ સુધારા અધિનિયમ, 2025ની કેટલીક જોગવાઈઓ પર રોક લગાવી દીધી છે. વકફ તરીકે મિલકત સમર્પિત કરતા પહેલા વ્યક્તિને પાંચ વર્ષ માટે મુસ્લિમ હોવા જરૂરી હોવાની કલમ પર સ્ટે આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો છે કે રાજ્ય સરકારો આવી શરતો નક્કી કરવા માટે નિયમો ન બનાવે ત્યાં સુધી આ કલમ સ્થગિત રહેશે.

વચગાળાનો આદેશ આપતાં, મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે, તેમણે દરેક કલમને પ્રથમ દૃષ્ટિએ પડકાર્યો છે, અને સમગ્ર કાયદા પર સ્ટે આપવા માટે કોઈ કેસ બનાવવામાં આવ્યો નથી.

સરકારી જમીન પર વકફ મિલકત અતિક્રમણ કરે છે કે કેમ તે અંગેના વિવાદોનો નિર્ણય લેવા માટે સરકાર દ્વારા નિયુક્ત અધિકારીને મંજૂરી આપતી જોગવાઈ પર પણ સ્ટે આપવામાં આવ્યો છે. વકફ બોર્ડમાં બિન-મુસ્લિમ સભ્યોના નામાંકનને મંજૂરી આપતી જોગવાઈ પર રોક લગાવવામાં આવી નથી. જોકે, કોર્ટે અવલોકન કર્યું કે, શક્ય હોય ત્યાં સુધી, બોર્ડના હોદ્દેદાર સભ્ય મુસ્લિમ વ્યક્તિ હોવા જોઈએ.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે, તેના અવલોકનો ફક્ત પ્રથમ દૃષ્ટિએ જ છે અને તે કાયદાની માન્યતાને પડકારતી વધુ રજૂઆતો કરતા પક્ષકારોને અટકાવશે નહીં.

---

## માતાનામઢ પદયાત્રી:

દેશ દેવી મા આશાપુરાના ચરણોમાં શીશ ઝુકાવવા માટે સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્ર પંથકમાંથી મોટી સંખ્યામાં પદયાત્રીઓએ પ્રસ્થાન કર્યું છે. હાલમાં મુંબઇથી વાપી, વલસાડ, સુરત, વડોદરા, દાહોદ, ગોધરા, ઉના, મોરબી, રાજકોટ, જામનગર, દ્વારકા સહિતના માર્ગો જય માતાજી, જય મા આશાપુરાના નાદ સાથે ગુંજી ઉઠ્યા છે. તો મુંબઇમાં થાણે, મલાડ, બોરીવલી, જોગણીનાર સહિતના વિસ્તારોમાંથી સંઘો અને સાયકલ યાત્રીકો પણ માતાનામઢ તરફ પ્રયાણ કર્યો છે. મોરબી-માળીયા હાઇવે પર પદયાત્રી સેવા કેમ્પો પણ શરૂ થઇ ગયા છે અને ભાવિકોને આરામ, ભોજન, મેડીકલ સહિતની તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવી રહી છે.

---

## ચોમાસાને વિદાય:

કચ્છમાં સતત સાતમાં વર્ષે 100 ટકાથી વધુ વરસાદ વરસ્યા બાદ હવે નૈઋત્યનાં ચામાસાંની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કચ્છ સહિત ગુજરાતના કેટલાક વિસ્તારમાંથી આગામી બે-ત્રણ દિવસમાં ચોમાસું પાછું ખેંચાય તે માટેના સંજોગો સર્જાયા છે. એન્ટી સાયક્લોનિક સર્કયુલેશનની સ્થિતિ સર્જાતા પશ્ચિમ રાજસ્થાનમાંથી ચોમાસાંની વિદાયની શરૂઆત થઈ ચૂકી છે, હવે રાજસ્થાન તેમજ ગુજરાતના કેટલાક વિસ્તારમાંથી પણ ચોમાસું પાછું ખેંચાઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા બે એક દિવસ માટે રાજ્યની સાથે કચ્છમાં છુટાછવાયા વિસ્તારમાં પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે.

---

## યક્ષનો મેળો:

અગાઉ ભારે વરસાદને પગલે મુલતવી રહેલા મોટા યક્ષના મેળાનો શનિવારથી પ્રારંભ થયો છે. ગઇકાલે રવિવારની રજા હોવાના કારણે મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટ્યા હતા. શ્રદ્ધાળુઓએ યક્ષ દાદાના મંદિરમાં દર્શન કર્યા બાદ મેળાની મોજ માણી હતી. મેળામાં વિવિધ

પ્રકારની રાઈડ્સની સાથે પ્રાદેશિક વસ્ત્રોમાં સજ્જ થયેલી ગ્રામીણ વસ્તીએ લોક સંસ્કૃતિને જીવંત કરી હતી. આજે મેળાનો અંતિમ દિવસ છે. આજે રાત્રે મેળામાં મોટી સંખ્યામાં માનવમહેરામણ ઉમટે તેવી શક્યતા છે.

---------------------------------------------------------------------------------------------------------

## લોરીયામાં પશુ આરોગ્ય કેમ્પ:

ફરતું પશુ દવાખાનું-1962 અને  સુમરાસર શેખવાળી દ્વારા ભુજ તાલુકાના લોરિયા ગામમાં પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.. ગ્રામીણ પશુપાલકોને ઘરઆંગણે આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના હેતુથી યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમના પશુઓ સાથે હાજર રહ્યા હતા. કેમ્પમાં પશુઓની વિવિધ બીમારીઓની તપાસ કરી અને યોગ્ય સારવાર પુરી પાડવામાં આવી.  કેમ્પમાં પશુઓને કૃમિનાશક દવા પણ આપવામાં આવી. પશુપાલકોને પશુ સંભાળ અંગે કેમ્પમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------------

## રાપર-સેવા સપ્તાહ:

રાપર ભાજપ કાર્યાલય ખાતે સેવા પખવાડિયાની ઉજવણી અંગે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયેલી કાર્યશાળામાં વિવિધ ચર્ચા કરાઇ હતી. જેમાં સેવા પખવાડિયા દરમિયાન રાપર તાલુકામાં બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ કેમ્પ વિકલાંગોની સેવા, વૃક્ષારોપણ, સફાઇ અભિયાન જેવી સેવાકીય પ્રવૃત્તિઓ કરવાનુ આયોજન કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------------

## જી.એસ.ટીમાં રાહત:

કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીમાં આપવામાં આવેલી રાહતોને આવકારતા ભુજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અનિલ ગોરે જણાવ્યું હતું કે જીએસટીનામાં ઘટાડાથી હજારો વસ્તુના ભાવમાં

ઘટાડો કરવામાં આવ્યો છે જેનાથી વેપારી કે કંપનીઓને નહીં પણ ગ્રાહકોને સીધો ફાયદો થશે. વીમા અને મેડિક્લેઇમમાં શુન્ય જીએસટી કરાતા તેમાં લોકોને ઘણી મોટી રાહત થશે.

--------------------------------------------------------------------------------------------

## આદિપુરમાં નાટક કાર્યશાળા:

ટેબલ ટ્રસ્ટ તથા અમદાવાદ સિંધી ચિલ્ડ્રન એકેડેમીના સંયુક્ત ઉપક્રમે તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે  નાટક કાર્યશાળાનું આયોજન કરાયું હતું, જેમાં  અમદાવાદના આઠ સહિત 67 બાળક-મહિલા તથા નાટય પ્રેમીઓએ ભાગ લીધો હતો.

--------------------------------------------------------------------------------------------